# લોકસભા ચૂંટણી દરમ્યાન ત્રાસવાદી હુમલાનો ખતરો





નવી દિલ્હી,તા.૧૯

વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી ઉપર આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં તમામ ડીસીપીને એલર્ટ રહેવાની સૂચના આપવમાં આવી ચુકી છે. ખતરનાક આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહિદ્દીનના સહસ્થાપક યાસીન ભટકલને છોડાવવા માટે સીમી અને ઈન્ડિયન મુઝાહિદ્દીનના આતંકવાદી ચૂંટણી દરમિયાન નેતાઓનું અપહરણ કરી શકે છે. આ સંદર્ભમાં ગુપ્તચર સંસ્થાઓએ દિલ્હી પોલીસને એલર્ટ જારી કરીને સૂચના આપી છે. ત્યારબાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. એવા અહેવાલ આપવામાં આવ્યા છે કે, ઈન્ડિયન મુઝાહિદ્દીન અને સીમીના ત્રાસવાદી મળીને કાવતરુ ઘડી રહ્યા છે જેમાં ચૂંટણી દરમિયાન ત્રાસવાદી હુમલાની વાત કહેવામાં આવી છે. આનો મુખ્ય હેતુ ખતરનાક ત્રાસવાદી ભટકલને છોડાવવાનો હોઈ શકે છે. રાષ્ટ્રીય સુરક્ષા સંસ્થાએ ફેબ્રુઆરી ૨૦૧૩માં થયેલા બેવડા વિસ્ફોટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં ઈન્ડિયન મુઝાહિદ્દીનના ટોચના ત્રાસવાદી યાસીન ભટકલ અને અસદુલ્લાહ અખ્તરના નામ સામેલ કરવામાં આવ્યા છે. ભટકલ અને અખ્તર સહિત ઈન્ડિયન મુઝાહિદ્દીનના ટોચના ૧૨ સભ્યોને આ પહેલા ઝડપાઈ ગયેલા ત્રાસવાદી મોહમ્મદ દાનીશ, મોહમ્મદ આફતાબ, ઈમરાન ખાન, સઈદ મકબુલ અને ઓબેદ ઉર રહેમાનની સામે આઈપીસી હેઠળ ભારતની સામે અપરાધને અંજામ આપવા માટે કાવતરા રચવા અને ગેરકાયદે ગતિવિધિ અધિનિયમના જુદા જુદા માપદંડ ઉપર ૪૧૨ પાનાની ચાર્જશીટમાં ફરાર જાહેર કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભટકલ અને અસદુલ્લાહ અખ્તરને ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ભારત-નેપાળની સરહદ નજીકથી પકડી પાડવામાં આવ્યા હતા. આ બંને ભારતમાં અનેક આતંકવાદી અને ભીષણ હુમલાઓમાં સામેલ રહ્યા છે. યાસીન ભટકલને ઈન્ડિયન મુઝાહિદ્દીનના સહસ્થાપક તરીકે ગણવામાં આવે છે. આ આતંકવાદીના પાકિસ્તાનમાં રહેલા અનેક ટોચના ત્રાસવાદીઓ સાથે પણ સંબંધ રહેલા છે. આવી સ્થિતિમાં તેને છોડાવવા માટે હુમલાના પ્રયાસ કરવામાં આવી શકે છે. ચૂંટણી ઉપર ત્રાસવાદી હુમલાનો ખરતો તોળાઈ રહ્યો છે. તમામ જગ્યાએ સાવચેતી વધારી દેવામાં આવી છે.

## જગદમ્બિકા-રાજુ શ્રીવાસ્તવ અંતે ભાજપમાં : મોદીને ટેકો

નવીદિલ્હી,તા.૧૯

કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા જગદમ્બિકા પાલ અને જાણિતા હાસ્ય કલાકાર રાજુ શ્રીવાસ્તવ આજે લોકસભાની ચૂંટણી પહેલા ભાજપમાં જોડાઈ ગયા હતા. જગદમ્બિકા પાલને શક્તિશાળી નેતા તરીકે ગણવામાં આવે છે. ભાજપના વડા રાજનાથસિંહે કહ્યું હતું કે, ભાજપમાં સામેલ થવાનો તેમનો નિર્ણય ખુબ જ વિચારણાપૂર્વકનો છે. રાષ્ટ્રીય સ્તર પર ભાજપને મજબૂત કરવાના હેતુસર આ



યોજના તૈયાર કરવામાં આવી છે. રાજનાથસિંહે આ પ્રસંગે વાત કરતા કહ્યું હતું કે, જગદમ્બિકા પાલ અને રાજુ શ્રીવાસ્તવનું પાર્ટીમાં તેઓ સ્વાગત કરે છે. તેમની એન્ટ્રીથી પાર્ટી મજબૂત થશે. પત્રકારો સાથે વાતચીત કરતા શ્રીવાસ્તવે કહ્યું હતું કે, તેઓ તેમના લોકો માટે કામ કરવા ઈચ્છુક છે. મોટી જવાબદારી અદા કરવા માટે પણ તેઓ તૈયાર છે. માત્ર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સ્થિર અને ભ્રષ્ટાચાર મુક્ત સરકાર બની શકે છે. પાલે કહ્યું હતું કે, ભાજપમાં સામેલ થવાનો તેમનો નિર્ણય મોડેથી આવ્યો છે. કારણ કે લોકોના અભિપ્રાય તેઓ લેવા માંગતા હતા. કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અને ઉત્તરપ્રદેશ એકમના વડા જગદમ્બિકા પાલે આ મહિનામાં જ લોકસભામાંથી રાજીનામુ આપ્યું હતું. પાર્ટીમાંથી પણ રાજીનામુ આપ્યું હતું. ૬૩ વર્ષીય પાલે કહ્યું હતું કે, તેઓ ભાજપને મજબૂત બનાવવા કામ કરશે. બીજી બાજુ ૧૧મી માર્ચના દિવસે રાજુ શ્રીવાસ્તવે સમાજવાદી પાર્ટીની લોકસભા બેઠકની ટિકિટ પરત આપી દીધી હતી.

# વારાણસીમાં હવે બહુકોણીય સ્પર્ધા

### અરવિંદ કેજરીવાલ પણ મેદાનમાં ઉતરવાની ઇચ્છા ધરાવે છે : બસપ, સપા અને કોંગ્રેસના ઉમેદવારો પડકાર ફેંકશે

લખનૌ,તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ચૂંટણી મેદાનમાં વારાણસીમાંથી ઉતારવાની જાહેરાત કરવામાં આવ્યા બાદથી તમામની નજર વારાણસી ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. અહીં છ ઉમેદવાર વચ્ચે જોરદાર સ્પર્ધા થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એએપીના નેતા અરવિંદ કેજરીવાલે પણ વારાણસીમાં મોદી સામે ચૂંટણી મેદાનમાં ઉતરવાની તૈયારી બતાવી છે. સમાજવાદી પાર્ટીએ પણ કૈલાસ ચૌરશીયાનું નામ જાહેર કરી દીધું છે. બહુજન સમાજ પાર્ટી પણ આ બેઠક પરથી ચૂંટણી લડનાર છે. કોંગ્રેસ પણ શક્તિશાળી ઉમેદવાર ઉતારવાની વાત કરી ચૂકી છે. બસપ દ્વારા વિજય જયસ્વાલને મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિજય જયસ્વાલ જાણીતા કારોબારી



છે. આ ઉપરાંત કોમી એકતાદળના ઉમેદવાર તરીકે મુખ્તાર અંસારી મેદાનમાં ઉતરનાર છે. અંસારીની ગણતરી મુસ્લિમોમાં બહુ સારી છે. ૨૦૦૯માં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર તરીકે તેઓ મેદાનમાં ઉતર્યા હતા પરંતુ ભાજપના મુરલી મનોહર જોશી સામે થોડાક મતે હારી ગયા હતા. બીજી બાજુ કેજરીવાલ પણ મેદાનમાં ઉતરવાની યોજના બનાવી રહ્યા છે જેથી આ વખતે રાજકીય વર્તુળોમાં વારાણસી ઉપરની બેઠકની ચૂંટણી સૌથી લોકપ્રિય રહે તેવી વકી છે. મોદીના મુખ્ય પડકારરૂપ તરીકે કેજરીવાલ ઉતરી રહ્યા છે. વારાણસી મત વિસ્તારમાં ચૌરશીયા, જયસ્વાલ સમુદાયના લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં છે. આ ઉપરાંત મુસ્લિમ સમુદાયના લોકો પણ મોટી સંખ્યામાં રહેલા છે.

વારાણસીની બેઠક મોદી માટે પસંદ કરવામાં આવી છે. કારણ કે ઉત્તર પ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો છે. આ બેઠકોમાં મોદીની વારાણસીમાંથી ઉપસ્થિતિ ફાયદો કરાવી શકે છે. સાથે સાથે રાજ્યમાં પક્ષના ઉમેદવારોની સ્થિતિને મજબૂત બનાવી શકે છે. વારાણસીમાં હિંદુત્વની લહેર હમેશા જોવા મળે છે. વારાણસી હિંદુ લોકોમાં ખૂબ ધાર્મિક સ્થળ તરીકે છે. ૧૨ જ્યોતિલિંગ પૈકી એક તરીકે વિશ્વનાથની જગ્યા પણ અહીં છે. ગુજરાતમાં સોમનાથ ખાતે જ્યોતિર્લિંગ પૈકી એક આવેલું છે જેથી ભાજપ સોમનાથથી વિશ્વનાથને જોડવાની યોજના ઉપર આગળ વધશે.

## ભારત અને ચીની સૈનિકો ફરી લડાખના ચુમારમાં સામ સામે

નવીદિલ્હી,તા.૧૯

ચીનના સૈનિકો ફરી દુસાહસ કરતા ભારત સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે.ચીની સૈનિકોએ રવિવારના દિવસે લડાખના ચુમાર વિસ્તારમાં ભારત સાથે જોડાયેલી સરહદનો ભંગ કર્યો હતો. દક્ષિણી લડાખના ચુમાર વિસ્તારમાં ચીની સૈનિકોએ ઘુસણખોરી કરવાના પ્રયાસ કર્યા હતા. ચુમાર વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકો આમને સામને આવ્યા હતા. તેમની ઘુસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે આઈટીબીપી અને સેનાના જવાનોએ માનવ દિવાલ ઉભી કરી હતી ત્યારે આ સૈનિકો પરત જતા રહ્યા હતા. લેહના પૂર્વમાં ૩૦૦ કિલોમીટરના અંતરે ચુમાર ચીનના પીપલ્સ લિબ્રેશન આર્મી માટે હોટસ્પોટ સમાન છે. આ ક્ષેત્રથી થઈને પ્રવેશ કરવાના પ્રયાસ ચીનની સેના દ્વારા વારંવાર કરવામાં આવે છે. ઘુસણખોરીના પ્રયાસોની વિગત આપતા સૂત્રોએ કહ્યું છે કે, ચીની સૈનિકો ૧૬મી માર્ચના દિવસે ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરી હતી. ભારતીય સૈનિકોએ તેમને રોકવાના પ્રયાસ કર્યા હતા ત્યારબાદ પરંપરાગત રીતે બેનરડ્રીલની સ્થિતિ સર્જાઈ હતી. થોડાક સમય માટે ચીની સૈનિકો અંદર પણ ઘુસવાના પ્રયાસમાં રહ્યા હતા. ઘુસણખોરી કરતી વેળા ચીનના સૈનિકોએ ભારતીય જવાનોને કહ્યું હતું કે, તેમને પીએલએ હેડક્વાર્ટરથી આદેશ મળ્યા છે કે, તેઓ ટીબલે ક્ષેત્રમાં ટોહી ઓપરેશન હાથ ધરે. સૂત્રોએ કહ્યું છે કે, ભારતીય સૈનિકો વધુ સંખ્યામાં આવી પહોંચતા ચીનના સૈનિકો પરત જતા રહ્યા હતા. ઠંડીના દિવસો દરમિયાન ચીની સૈનિકોએ ઘુસણખોરીના સતત પ્રયાસો કર્યા હતા. ૨૦૦૧૨માં ચીની સૈનિકો હેલિકોપ્ટર મારફતે આ વિસ્તારમાં આવી પહોંચ્યા હતા અને સેના તથા આઈટીબીટી દ્વારા ઉભા કરવામાં આવેલા ટેન્ટ તોડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઓવરહેડ બંકરો સામે પણ ચીની સૈનિકોએ વાંધો ઉઠાવ્યો હતો. જો કે, મોડેથી મડાગાંઠને ઉકેલવા એપ્રિલ-મે મહિનામાં ગયા વર્ષે બેઠક થઈ હતી જેમાં ભારતને પણ કેટલાક બંકરો દૂર કરવાની ફરજ પડી હતી.



છેલ્લા ૧૧ દિવસથી લાપતા મલેશિયન વિમાનની શોધમાં દુનિયાભરની સર્ચ ટીમો પ્રયત્ન કરી રહી છે ત્યારે હૈદરાબાદના એક આઈટી પ્રોફેશનલે પોતાની ઓફિસમાં કામ કરતા પ્લેનનું લોકેશન ટ્રેસ કર્યું છે. ૮ માર્ચથી ગુમ આ બોઈંગ પ્લેઈનની શોધમાં આ એક અગત્યની કડી સાબિત થઈ શકે છે. ૨૭ વર્ષના આ આઈટી પ્રોફેશનલે એક મોટા એર ક્રાફટની સેટેલાઈટ તસવીર શોધી જેમાં વિમાન અંડમાન આઈલેન્ડની નજીક બહુ ઓછી ઉંચાઈએ ઉડી રહ્યું હતું. તેનું માનવું છે કે આ મલેશિયન એરલાઈન્સનું બોઈંગ પ્લેન ૭૭૭ હોઈ શકે છે.

# બે વર્ષના ટુંકા ગાળામાં જ બંસલની સંપત્તિ બે ગણી

નવી દિલ્હી,તા. ૧૯

ભૂતપૂર્વ રેલવે પ્રધાન પવન કુમાર બંસલેની સંપત્તિ બે વર્ષના ગાળામાં વધીને બે ગણી થઈ છે. પવન કુમાર બંસલની પાસે હાલમાં છ કરોડની રૂપિયાની સંપત્તિ છે. ગયા વર્ષે મેના મહિનામાં ૧૦ કરોડના રેલવે કોંભાડ બાદ રેલવે પ્રધાન તરીકે પવન કુમાર બંસલને રાજીનામુ આપી દેવુ પડ્યું હતુ. ગઈકાલે ચંદીગઢમાં બંસલે લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર દાખલ કર્યા બાદ આ પ્રકારની માહિતી સપાટી પર આવી છે. આ ઉમેદવારી પત્ર રજૂ કરતી વેળા બંસલે ૧.૦૯ કરોડની સંપત્તિની માહિતી આપી હતી. વર્ષ ૨૦૦૯માં જ્યારે બંસલે ઉમેદવારી પત્ર દાખલ કર્યો હતો ત્યારે તેમની પાસે આ પ્રકારની સંપત્તિ ૩૯.૬૨ લાખ રૂપિયા હતી. તેમણે પોતાના ખેતરો અને ચંદીગઢમાં સેક્ટર ૨૮ સ્થિત પોતાના આવાસને ગણીને ૫.૦૫ કરોડની સંપત્તિની માહિતી આપી છે. જે વર્ષ ૨૦૦૯માં ૩.૦૫ કરોડ હતી. બંસલની સંપત્તિમાં દિલ્હી પબ્લિક સ્કુલને આપવામાં આવેલા ૨૬ લાખની લોન અને હિમાચલ પ્રદેશમાં સ્થિત પોતાના પુત્રના ફર્મ થિયોનને આપવામાં આવેલી ૩૦ લાખ રૂપિયાની લોન સામેલ છે. એક અંગ્રેણી અગ્રેજી અખબારે માહિતી આપતા કહ્યું હતું.ગયા વર્ષે માહિતી આપવામાં આવી હતી કે વર્ષ ૨૦૦૫માં બંસલની પત્નિ મધુ અને પુત્ર અમિત તેમજ મનિષ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી આ કંપનીનુ ટર્ન ઓવર પાંચ વર્ષમાં જીરોથી ૧૫૨ કરોડ રૂપિયા થઈ જતા તમામ નિષ્ણાંતોમાં પણ ચર્ચા રહી હતી. આ ટર્ન ઓવરમાં એકાએક વધારો વર્ષ ૨૦૦૭થી વર્ષ ૨૦૧૨ વચ્ચેના ગાળામાં થયો હતો. એ વખતે બંસલ કેન્દ્રિય રેલવે પ્રધાન તરીકે હતા. બંસલની પુછપરછ પણ લાંચ કેસના સંબંધમાં કરવામાં આવી હતી. તેમના ભત્રીજાની લાંચ કેસમાં ધરપકડ બાદ બંસલે રાજીનામુ આપ્યું હતું.

## સમાચાર ઝલક

- ચૂંટણીમાં આતંકી તત્વો તોફાન કરી શકે છે, ગુપ્તચર તંત્રનો અહેવાલ.
- વિવિધ પક્ષોમાં લોકસભાની ટિકીટ માટે ખેંચતાણ, અનેક રાજકીય પક્ષોના કાર્યાલયોમાં તોડફોડ.
- ઉત્તરપ્રદેશમાં કરોડો રૂપિયા રોકડમાં પકડતું તંત્ર, ચૂંટણીમાં મતદાતાઓને આકર્ષવાનાં ઉપયોગ થતો હોવાની શંકા.
- ભરૂચ નજીક હાઇવે પર એક વાહને જૈન સાધુ-સેવકોને અડફેટે લીધા. બધા જ હોસ્પિટલમાં સારવાર હેઠળ.
- અમદાવાદનાં વટવામાં મહિલાએ પુત્રની હત્યા કરી આત્મહત્યા કરી.
- ડાંગરવામાં ૨ વિદ્યાર્થીની હત્યા થયા બાદ કડક પોલીસ બંદોબસ્ત, બે એસ.આર.પી.ની ટુકડી ગોઠવાઇ, વધુમાં અનેક સ્થળે આગચંપીની ઘટના.
- નરોડામાં રાંધણગેસ બાટલાની ચોરી જવાનું કૌભાંડ પકડાયું.
- ચીન સાથે અસંતુલિત વ્યાપાર ચિંતાજનક, મોન્ટેકસિંહ આહલુવાલિયાનો મત.
- આમીરખાન ચૂંટણીપંચને એમ્બેસેડર બની ચૂંટણીમાં મતદાન વધુ કરવા જાહેરાત કરશે.
- ગળતેશ્વરમાં હોળી-ધુળેટીમાં 3 યુવાનો ડુબ્યા.
- મુંબઇમાં સુરક્ષા ભગવાન ભરોસે છે, સામનાનો મત.
- સોશિયલ મીડિયા પર ચૂંટણી પ્રચાર માટે ચૂંટણીપંચની મંજુરી અનિવાર્ય.
- વિજાપુરમાં ચીફ ઓફિસર પાસેથી ચૂંટણીની કામગીરી છીનવી લેવાઇ.
- કોમેડી કિંગ કપિલ શર્માની ટૂંક સમયમાં જ સગાઇ થશે.
- દિલ્હીમાં વિદેશી મહિલાઓ સાથે છેડતીની ફરિયાદ નોંધાઇ, ૮ આરોપીઓની ધરપકડ કરાઇ.
- ગાઝિયાબાદમાં ૧ કરોડ રૂપિયા રોકડ સાથે એક યુવાનની ધરપકડ કરાઇ.
- વડતાલમાં સ્વામી નારાયણના સ્વામી પર હુમલો.

# જાણીતા વિલન રણજીતના ડ્રાયવરનો મળેલો મૃતદેહ

મુંબઈ,તા.૧૯

વિતેલા વર્ષોના લોકપ્રિય વિલન રણજીતે આજે કહ્યું હતું કે, તેના ડ્રાયવરનો મૃતદેહ તેના સ્વિમિંગપુલમાં મળી આવ્યો છે. જો કે, આ આકસ્મિક બનાવ છે કે પછી આત્મહત્યા કરવામાં આવી છે તે અંગે હજુ સુધી કોઈપણ પ્રકારની માહિતી મળી શકી નથી. રણજીતના સ્વિમિંગપુલમાંથી તેના ડ્રાયવરનો મૃતદેહ મળી આવ્યા બાદ ઉંડી તપાસ કરવામાં આવી હતી. મંગળવારે મોડી રાત્રે નાગરાજ ગૌડાનો મૃતદેહ મળી આવ્યો હતો. ગઈકાલે મોડી રાત્રે તેના પત્નિ ડ્રાયવરની ભાળ મેળવવા ગયા ત્યારે આ બાબતની જાણ થઈ હતી. તેમના પત્નિને સ્વિમિંગપુલમાં તેમના ડ્રાયવરનો મૃતદેહ દેખાયો હતો. અમે તરત જ સ્વિમિંગપુલથી બહાર કાઢ્યો હતો અને હોસ્પિટલમાં ગઈ ગયા હતા પરંતુ હોસ્પિટલમાં પ્રવેશ પહેલા જ તેને મૃત જાહેર કરાયો હતો. છેલ્લા ૩૦ વર્ષથી રણજીત સાથે તે કામ કરી રહ્યો હતો. નાગરાજ ગૌડાને રણજીતના પરિવારના સભ્યો પરિવારની જેમ ગણતા હતા. લાવારિશ અને નમક હલાલ જેવી ફિલ્મોમાં તે નજરે પણ પડ્યો હતો. જુહુ પોલીસ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. તે પાણી પડી ગયો હતો કે પછી કૂદકો મારી ગયો હતો તે હજુ સુધી જાણી શકાયું નથી. અહેવાલ મુજબ ૪૪ વર્ષીય ગૌડા આરોગ્યના મુદ્દાઓને લઈને પણ પરેશાન થયેલો હતો. તે ડાયાબીટીસનો દર્દી હતો. ડાયાલીસીસ ઉપર પણ હતો. તેના અંતિમ સંસ્કાર કર્ણાટકમાં કરવામાં આવશે.

### માતૃભાષાનું ગૌરવ... (પાના નં.૪નું ચાલુ...)

બોલવાવાળાની સંખ્યા ૧૦ લાખ કરતાં વધુ છે... તથા વિશ્વની ૯૪% વ્યક્તિઓને કોઇને કોઇ રીતે સ્પર્શે છે. બાકીની ૯૪ % ભાષાઓ બાકીનાં ૬% લોકો દ્વારા બોલાય છે. વિશ્વની આવી પ્રમુખ ભાષાઓ છે - ચીની, સ્પેનિશ, અંગ્રેજી, અરેબિક, હિન્દી, બંગાળી, પોર્ટુગીઝ, રશિયન, જાપાનીઝ અને જર્મન. આવી પ્રવર્તમાન સ્થિતિ હોવા છતાં એ વાત પણ એટલી જ સાચી અને સર્વ સ્વીકૃત છે કે સંસ્કૃત ભાષા વિશ્વની પ્રાચીનત્તમ ભાષા છે અને એમાંથી ૨૮૩ જેટલી ભાષાઓ જન્મી છે. એમાં ૬૪મો ક્રમ ગુજરાતી ભાષાનો છે.

આવી આપણી ગરવી ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા કરવી એ આપણો પરમ ધર્મ છે. આપણી માતૃભાષા આપણા જીવન સાથે- ઊંઘતા અને જાગતાં - તાણા વાણાની જેમ વણાયેલી છે. એ આપણી પ્રગતિની સાક્ષી છે. એની અવદશા જોવાનું ગુર્જરભૂમિનો કોઇ પણ સપૂત પસંદ નહીં જ કરે. ચાલો, આપણે શુભ સંકલ્પ કરીએ કે હવે પછી માતૃભાષાનો મહત્તમ ઉપયોગ કરીશું, એ શુદ્ધ સ્વરૂપે લખીશું અને બોલીશું. માતૃભાષાને પ્રેમ કરીશું તો જીવનને શ્રેષ્ઠ અને મહાન બનાવવામાં અનેક વરદાન આપણને મળશે.

માતૃ ભાષાનો જય હો...

(સમાપ્ત)

## મહારાષ્ટ્રઃ વર્ષે ૩૪૦૦ ખેડૂતોએ આપઘાત કર્યો

મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્રમાં સત્તાવાર રીતે કમૌસમી વરસાદ અને તોફાનના કારણે ૧૮થી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. બિનસત્તાવાર રીતે આ આંકડો ૧૦૦તી વધુ છે. કેટલાક લોકોનું કહેવું છે કે છેલ્લા એક દશકમાં મહારાષ્ટ્રમાં દર વર્ષે ૩૪૦૦ ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. તાજેતરમાં કમૌસમી વરસાદ અને તોફાનના લીધે ૧૬ લાખ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. નુકસાનનો આંકડો ૫૦૦૦ કરોડથી ઉપર પહોંચી ચૂકયો છે. કૃષિ નિષ્ણાંતોનું મૂલ્યાંકન ૨૦ લાખ હેક્ટર વિસ્તારમાં છે. આનો મતલબ એ થયો કે ૪ કરોડ લોકોની હાલત કફોડી બની છે. મરાઠવાડા પ્રદેશમાં સૌથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. માત્ર પાકને જ નહીં બલ્કે ફળફળાદીના પાકને પણ નુકસાન થયું છે. શાકભાજીને પણ ભારે નુકસાન થયું છે. આ પાકને કુલ નુકસાન ૧૨૦ ટકાની આસપાસ છે.

# નંદન નિલકાની પદયાત્રા મારફતે પ્રચારમાં વ્યસ્ત

નવી દિલ્હી,તા.૧૯

કોંગ્રેસ પાર્ટી જેમને સ્ટાર ઉમેદવાર તરીકે ગણે છે તે નંદન નિલકાની પણ હાલમાં જુદી જુદી રીતે મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. નંદન નિલકાની ખુબ સારી પ્રતિષ્ઠા લોકોમાં ધરાવે છે. બેંગ્લોર સાઉથમાંથી કોંગ્રેસના ઉમેદવાર નંદન નિલકાની પદયાત્રા, ફોટો ઓપ્સ અને મંદિરમાં દર્શન મારફતે લોકસંપર્ક કરવામાં વ્યસ્ત બનેલા છે. વહેલી સવારથી જ તેઓ પ્રચારમાં વ્યસ્ત થઈ જાય છે. નંદન




નિલકાનીની ગણતરી કોંગ્રેસના સ્વચ્છ ચહેરાઓમાં થાય છે. ઘણા લોકો તેમને મત આપવાની પણ તૈયારીમાં દેખાઈ રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, છેલ્લા એક સપ્તાહથી માહોલ તેમના તરફેણમાં છે. મોટી સંખ્યામાં લોકો તેમના સમર્થનમાં આગળ આવી રહ્યા છે. તેમના સમર્થકોનો દાવો છે કે, નંદન નિલકાની તેમના હરીફોને દોઢ લાખ મતથી હાર આપશે. આક્રમક ચૂંટણી પ્રચારમાં નંદન નિલકાની વ્યસ્ત દેખાઈ રહ્યા છે.

# મોટોરોલા દ્વારા મોટો એક્સ ફોન ભારતમાં લોન્ચ

નવી દિલ્હી,તા.૧૯

મોટોરોલાએ ભારતીય બજારમાં મોટો એક્સ નામથી તેના ફલેગશીપ સ્માર્ટ ફોન લોંચ કરી દીધા છે. મોટો જીની જેમ જ આ ફોન પણ લોન્ચ કરવામાં આવ્યા છે. નવા સ્માર્ટ ફોન વાયા ઈ-કોમર્સ વેબસાઈટ ફ્લિપકાર્ટ મારફતે ભારતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. કંપની મોટો એક્સ ફોન રજૂ કરી રહી છે જેની કિંમત ૨૩૯૯૯ રૂપિયા રહેશે. મોટોરોલા પાંચ



કલરોમાં ઉપલબ્ધ રહેશે જેમાં બેકપેનલની ઓફર રહેશે. આના કેટલાક મોડલની કિંમત ૨૫૯૯૯ રૂપિયા રહેશે. ફ્લિકકાર્ટ ઉપર ઉપલબ્ધ યાદી મુજબ મોટો એક્સની વાઈટ અને બ્લેક કલરમાં માંગ વધારે જોવા મળી રહી છે. હાલમાં આ બે કલરમાં જ આ ફોન ખરીદી શકાશે. બ્લુ અને રેડ કલરમાં મોટો એક્સની ખરીદી ઓર્ડર આપીને કરી શકાય છે. એપ્રિલના બીજા સપ્તાહમાં આ કલરમાં ફોન ઉપલબ્ધ કરાવવામાં આવશે. ફ્લિપકાર્ટ દ્વારા મોટો એક્સ માટે લોંચ દિવસની ઓફરમાં ૧૦૦૦ રૂપિયાની કેસબેકની ઓફર કરવામાં આવી છે. મોટો એક્સ મોટી કંપની દ્વારા માત્ર ફલેગશીપ સ્માર્ટ ફોન છે. આ ફોનમાં ૪.૭ ઈંચના એચડી સ્ક્રીન, ૧૦ એમપી કેમેરા, ટુજી રેમની સુવિધા છે. ખરીદદારોને મોટો એક્સની સાથે ગુગલ ડ્રાઈવ સ્ટોરેજના ૫૦ જીબી ફ્રી મળશે. મોટોરોલાએ મોટોમેકર ઓનલાઈન ટુલની શરૂઆત કરી નથી. નોકિયાના ગ્લાનસ્ક્રીનની જેમ જ મોટો એક્સમાં પણ એક્ટીવ ડિસ્પ્લે રહેશે. જેમાં સમય, અનરિડ મેસેજ, ઈ-મેઈલ, મિસકોલ અને અન્ય નોટિફિકેશન સ્ક્રીન બંધ થઈ જશે તો પણ દેખાશે. ભારતમાં હાલના સમયે જે સ્માર્ટફોન ઉપલબ્ધ છે તેમાં ગુગલ નેક્સસ-૪, સેમસંગ ગેલેક્સી ગ્રાન્ડ -૨, સોની એક્સપેરિયા, નોકિયા લુમિયા, જીયોની ઈ લાઈફ ઈ -૭નો સમાવેશ થાય છે.